**<u>શ્રી કે. જી. પટેલ, ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ, સુરત સમક્ષ.</u>**

**પે.વે.અરજી નં.૨૯૨/૨૦૨૩**
**આંક–૪**

**અરજદાર :** **શ્રીમતી શારદાદેવી પ્રદીપ ચંદ્રવંશી**
ઠે.પ્લોટ નં.૧૫૨–૧૫૩, ગણેશ નગર–૨,
પાંડેસરા, સુરત–૩૯૪૨૨૧.
c/o ગુજરાત શ્રમજીવી કામદાર યુનિયન, રજી. નં. જી–૫૬૦૨
ઠે.પ્લોટ નં.૧૨, અંબિકા નગર, દક્ષેશ્વર નગરની બાજુમાં,
ગુ.હા.બોર્ડ રોડ, પાંડેસરા, સુરત.

**વિરુધ્ધ**

**સામાવાળા :** પારસ પ્રિન્ટસ પ્રા.લી.
ઠે. પ્લોટ નં.૨૭૬, જી.આઈ.ડી.સી.
પાંડેસરા, સુરત–૩૯૪૨૨૧.

**પ્રતિનિધિત્વ :**

અરજદાર તરફે : યુનિયન પ્રતિનિધિશ્રી કલ્યાણભાઈ શહાણે (સોનાર)
સામાવાળા તરફે : ગેરહાજર.

**વિષય : <u>પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબની અરજી</u>**

**–:હુકમ:–**

**૧.** અરજદારે હાલની અરજી પગાર ચુકવણી ધારાની કલમ–૧૫ મુજબ કરી સામાવાળા પાસેથી અરજીમાં જણાવ્યા મુજબની બાકી લેણી રકમ કુલ રૂપિયા ૮,૮૬,૬૫૬/–(અંકે રૂપિયા આઠ લાખ છીયાંશી હજાર છસો છપ્પન પુરા) વસુલ મેળવવા માટે કરેલ છે.

**૨.** સદર કામનું રેકર્ડ જોતાં સદર કામના સામાવાળાને આંક–૩ થી મુદત તા.૨૯/૦૧/૨૦૨૪ ના રોજની કાઢવામાં આવેલ નોટીસ બજી ગયેલ હોવાનું

રેકર્ડ જોતાં જણાય છે. સદર કામનું રેકર્ડ જોતાં સદર કામના અરજદાર કે પ્રતિનિધિ છેલ્લી ઘણી મુદતોથી આગળની કાર્યવાહી માટે હાજર રહેતા નથી. અરજદાર તરફે હાજર રહી સામાવાળાનો હકક બંધ કરવા માટે કોઈ અરજી આપેલ નથી કે રજૂઆત કરેલ નથી. સદર કેસનું રેકર્ડ જોતાં અરજદારને વારંવાર મુદત આપેલ હોવા છતાં આજરોજ તેઓ હાજર નથી કે, કોઈ કાર્યવાહી કરેલ નથી. તે સંજોગોમાં અરજદારને હાલની અરજી આગળ ચલાવવામાં રસ હોય તેવું જણાતું નથી. આમ, આ કામે અરજદાર તરફે હાજર થઈ કોઈ કાર્યવાહી કરવામાં આવેલ ન હોવાથી ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

**–: આખરી હુકમ :–**

૧. અરજદારની અરજી તેઓની ગેરહાજરીના કારણે નામંજુર યાને રદ કરવામાં આવે છે.

૨. ખર્ચ અંગે કોઈ હુકમ નથી.

હુકમ આજરોજ તા.૨૩ મી માહે–માર્ચ સને ૨૦૨૬ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી સહી કરી જાહેર કર્યો.

તારીખ : ૨૩/૦૩/૨૦૨૬
સ્થળ : સુરત.

(કૃષ્ણકાંત ગોવિંદભાઈ પટેલ)
ઓથોરીટી અંડર ધી પેમેન્ટ ઓફ વેજીસ એકટ,
મજુર અદાલત કોર્ટ નં.૩, સુરત.
Code No. GJ01285